


સ્વચ્છતાનો સંદેશ - પાટનગરમાં મનપા, વનશ્રી સંસ્થા અને જી-૩ સાયકલ કલબના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ જાળવણી માટે સાયકલ રેલી યોજાઈ હતી. જેમાં ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, ભારત ભ્રમણે નિકળેલ સાયકલયાત્રી અભિષેકકુમાર શર્મા તથા સ્વચ્છતા મિશન સાથે સંકળાયેલ ડેનીયલ ફેઝુલરી પણ જોડાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# સાત માળની ટાવર કોલાની બાંધવાનુ કામ હવે આરંભાશે

## સે ૨૯ અને સે-૩૦માં નિકાલ હેઠળના મકાનોના સ્થાને કર્મચારીઓ માટે રહેણાંકના ૮૦૦ મકાનો બનશે : ટેન્ડર પ્રકીયા હાથ ધરાઈ : તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાશે

ગાંધીનગર, તા ૬

ગાંધીનગરમાં દાયકાઓ જુના જોખમી સરકારી આવાસો તોડી કર્મચારીઓ માટે નવા મકાનો બાંધવામાં આવશે. સે-૨૯ અને સે-૩૦માં ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવશે. ૭ મજલાના બ્લોક બાંધવામાં આવશે. સુવિધાયુકત ટાવર કોલોનીના નિર્માણ પાછળ અંદાજિત રૂપિયા ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ આ પ્રાજેકટને અનુલક્ષી ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. આગામી જુલાઈ મહિનાની આસપાસ કામ શરુ કરવામાં આવશે. ટાવર કોલાનીમાં ૮૦૦ જેટલા મકાનો બનાવાશે.

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો દાયકાઓ જુના છે. શહેરમાં હાલની સ્થિતિએ ૧૬૦૦૦ જેટલા આવાસો અસ્તિત્વ ધરાવે છે. આ પૈકી વર્ષ ૨૦૦૫માં ૧૯૦૪ જેટલા મકાનો નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ લાંબા સમય સુધી નિકાલ હેઠળના મકાનોના નિકાલ બાબતે સરકાર કક્ષાએથી નિતી નક્કી ન થતાં જોખમી મકાનો દોઢ દાયકા સુધી યથાવત રહયા છે. આખરે થોડા સમય અગાઉ ઉચ્ચ કક્ષાએથી નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાતા તબક્કાવાર મકાનો તોડવાનુ કામ શરુ કરી દેવાયુ છે. હાલની સ્થિતિએ સે-૭ અને સે-૧ ૩માં પણ નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયું છે.જયારે સે ૧૬ અને સે-૨૯ અને સે ૩૦માં પણ જોખમી આવાસો તોડી પાડવામાં આવ્યા છે.બીજીતરફ નિકાલ હેઠળના આ જોખમી મકાનોના સ્થાને ૭ મજલાના રહેણાંક ટાવરો બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે ૨૯ અને સે ૩૦ માં નિકાલ હેઠળના મકાનો તોડી ખુલ્લી કરવામાં આવેલી જગ્યાએ ટાવર કોલોની બનાવવાનુ કામ હાથ ધરવામાં આવશે. આ અન્વયે માર્ગ મકાન વિભાગ દ્વારા વહિવટી મંજુરી પણ આપી દેવામાં આવી છે. ૭ મજલાના આ વિવિધ બ્લોકમાં જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. સમગ્ર યોજના પાછળ અંદાજિત ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ટાવર કોલોનીમાં રહિશો માટે તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ટાવર કોલાનીમાં આંતરિક રસ્તાઓ, પાર્કિંગ, લીફટ, વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમની પણ વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત ફાયર સેફટી સિસ્ટમ પણ લગાવાશે. ટાવર કોલાનીના વિવિધ બ્લોકમાં પાણીની પણ અલાયદી સુવિધા ઉભી કરવામાં આવશે. કુલ ૮૦૦ જેટલા મકાનો બાંધવામાં આવશે. આ મામલે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. ટેન્ડર પ્રકીયા આખરી થયા બાદ કામ હાથ ધરવામાં આવશે. અલબત્ત કામ શરુ થતા હજુ બે મહીના જેટલો સમય લાગે તેમ હોવાનુ મનાઈ રહયું છે. શહેરમાં સ્થિત મોટાભાગના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. ત્યારે આ નવી યોજના કર્મચારીઓ માટે આર્શીવાદરુપ બની રહેશે. સરકારી આવાસોના મજબૂતીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. આમછતા આવાસોની છત સલામત ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. નિકાલ હેઠળના સિવાયના મકાનો પણ મજબૂતીકરણના અંતે સલામત ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. અન્ય સેકટરોમાં પણ નિકાલ હેઠળના જાખમી આવાસો દુર કરી રહેણાંક ટાવરો બાંધવામાં આવશે.

### મીની કલબ હાઉસ પણ બનશે

શહેરમાં નિકાલ હેઠળના મકાનોના સ્થાને કર્મચારીઓના રહેણાંક માટે ટાવર કોલોની બનાવવાનુ આયોજન કરવામાં આવ્યું છે. સે ૨૯ અને સે ૩૦માં સાત મજલાના બ્લોક બનાવવામાં આવશે. જયારે આ ટાવર કોલાનીમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉપલ્બધ કરવામાં આવશે. રહિશો માટે કોલોનીમાં મીની કલબ પણ બનાવવામાં આવશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયું છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. દાયકાના અંતે નિકાલ હેઠળના મકાનો તોડવા તંત્ર કામે લાગ્યુ છે. નિકાલ હેઠળના જોખમી મકાનો તોડાયા બાદ આ ઠેકાણે સરકારી કર્મચારીઓના વસવાટ માટે નવા મકાનો બાંધવામાં આવશે. નિકાલ હેઠળના મકાનોના સ્થાને સરકાર દ્વારા સાત મજલાના ટાવર બાંધવામાં આવશે. સે-૨૯ અને સે-૩૦માં હાલ નિકાલ હેઠળના મકાનો તોડવામાં આવી રહયા છે. જેના ઠેકાણે ૭ માળના ટાવરો બાંધવામાં આવશે. સુત્રોના જણાવ્યા મુજબ આ ટાવર કોલોનીમાં આંતરિક રસ્તાઓ સહિતની તમામ સુવિધાઓ ઉભી કરવા પણ આયોજન આખરી કરવામાં આવ્યું છે. ટાવર કોલાનીના પ્રોજેકટ સંદર્ભે તંત્ર દ્વારા ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરવામાં આવી છે. ટાવર કોલોનીને વધુ સુવિધાયુકત બનાવવા માટે વિભાગ કક્ષાએથી મીની કલબ હાઉસ બનાવવા પણ નિર્ણય લેવાયો છે. જેના આધારે સાત મજલાના બિલ્ડીંગમાં વસતા રહીશોને નાના મોટા પ્રસંગોના આયોજનમાં પણ સુગમતા રહેશે.અંદાજિત ૩૦૦ વ્યકિતઓને ધ્યાને લઈ ખુલ્લી જગ્યામાં કલબ હાઉસ બનાવવામાં આવશે.

# મુદત પુરી થઈ છતાં ચૂંટણી નથી કરી તેવી સહકારી સંસ્થાઓમાં કસ્ટોડીયન નિમાશે

ગાંધીનગર, તા.૬

રાજયમાં જે સહકારી સંસ્થાઓમાં મુદત પુરી થઈ જવા છતાં ચૂંટણી યોજવામાં આવી નથી તે સંસ્થાઓમાં રાજય સરકાર દ્વારા કસ્ટોડીયન નિમવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આજે અત્રે પત્રકારો સાથેની વાતચીતમાં રાજયના આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજય સરકારે તાજેતરમાં જ સહકારી કાયદામાં જે સુધારા કર્યા તેમાંનો એક સુધારો એ છે કે જે સહકારી સંસ્થામાં ચૂંટણી માટે મુદત પુરી થઈ જવા છતાં ચૂંટણી યોજવામાં આવી ન હોય તો આવી સંસ્થાના બોર્ડને વિખેરીને કસ્ટોડીયન નિમવા.

તેમણે જણાવ્યું હતું કે રાજયમાં સહકારી બેંક કો.ઓ. બેંક ખરીદ વેચાણ સંઘ દૂધ ઉત્પાદક સંઘ સહીતની સહકારી સંસ્થાઓ પૈકીની ૧૦૦ જેટલી સંસ્થાઓ એવી છે કે જેમના બોર્ડ મેમ્બરોની મુદત પુરી થઈ જવા છતાં ચૂંટણીઓ યોજવામાં આવી નથી. એવી સસ્થાઓમાં સરકારી કસ્ટોડીયન નિમવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે મહેસાણા ડીસ્ટ્રીકટ કો. બેંકમાં સરકારે કસ્ટોડીયન નિમ્યા હતાં જેની સામે બેંકના બોર્ડ મેમ્બરો કોર્ટમાં ગયા હતાં અને સરકારે નીમેલ કસ્ટોડીયનને દૂર કર્યા હતા જેની સામે સરકાર સુપ્રિમ કોર્ટમાં જતાં સુપ્રિમે નીચલી કોર્ટના આદેશ સામે સ્ટે આપીને સરકારે નીમેલ કસ્ટોડીયને હાજર થવા માટેનો વચગાળાનો આદેશ આપ્યો છે.

# શહેરમાં સ્વચ્છતાના સંદેશ સાથે યોજાયેલ સાયકલ રેલી

## મેયરશ્રી હંસાબેન મોદીએ લીલી ઝંડી દર્શાવી રેલીને પ્રસ્થાન કરાવ્યુ : અમેરિકન યુવતી ડેનિયલ ફેઝુલરી તથા ભારત ભ્રમણ પર નીકળેલા અભિષેકુમાર શર્મા પણ રેલીમાં જોડાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકા, વનશ્રી સંસ્થા અને જી-૩ સાયકલ ક્લબ દ્વારા પર્યાવરણ જાળવણીને અનુલક્ષી તેમજ સ્વચ્છતા અને તંદુરસ્ત સ્વાસ્થ્યના સંદેશા સાથે આજે પાટનગર ખાતે સાયકલ રેલી યોજવામાં આવી હતી. જુના સચિવાલય પીકઅપ બસ સ્ટેન્ડ ખાતે મેયરશ્રી હંસાબેન મોદીએ સાયકલ રેલીને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સાયકલ રેલીમાં સ્વચ્છતા મિશન હેઠળ ભારત યાત્રા પર નીકળેલા શ્રી અભિષેકકુમાર શર્મા અને હાલ ભારતના પ્રવાસે આવેલ તથા સ્વચ્છતા મિશન સાથે સંકળાયેલ અમેરિકન યુવતી ડેનિયલ ફેઝુલરી પણ જોડાતા સાયકલ સવારોમાં ભારે ઉત્સાહ વ્યાપ્યો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત શહેરમાં સફાઈ ઝુંબેશનો પ્રારંભ કરાયો છે ત્યારે આ સાથે પર્યાવરણ જાળવણીને લઈ જાગૃતતા આવે એ માટે આજે સાયકલ રેલીનું



(તસવીર : કશ્યપ નિમાવત)

આયોજન કરાયું હતું. આ પ્રસંગે મેયરશ્રી હંસાબેનિ મોદી, ડેપ્યુટી મેયરશ્રી કાર્તિકભાઈ પટેલ સહિતના હોદ્દેદારો તેમજ મ્યુનિસિપલ કમિશનરશ્રી જી.આર. ચૌધરી, નાયબ મ્યુનિસપલ કમિશનરશ્રી જે.બી. બારૈયા સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહી સાયકલ સવારોને પ્રોત્સાહન આપ્યું હતું. મેયરશ્રી હંસાબેન મોદીએ જુના સચિવાલય, પીકઅપ બસ સ્ટેન્ડ ખાતે સાયકલ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. પોતાના નિર્ધારિત રૂટથી શરૂ થયેલ રેલી ચ-૦, ઘ-૦, ઘ-૪ થઈ મહાત્મા મંદિર આવી હતી, જેમાં સ્વચ્છતા મિશન હેઠળ ભારતયાત્રા પર નીકળેલા ઉત્તરપ્રદેશના યુવાન સાયકલયાત્રી શ્રી અભિષેકકુમાર તથા હાલ ભારતના પ્રવાસે આવેલ અને સ્વચ્છતા મિશન સાથે સંકળાયેલા અમેરિકન યુવતી ડેનિયલ ફેઝુલરી પણ રેલીમાં જોડાતા સાયકલ રેલીમાં ભાગ લેનાર લોકોમાં ભારી ઉત્સાહ આપ્યો હતો. આ સાયકલ રેલીમાં ૫૦ થી વધુ સાયકલ સવારોએ ભાગ લીધો હતો. જી-૩ સાયકલ કલબના સભ્યોએ પણ આ રેલીમાં ભાગ લઈ સ્વચ્છતાનો સંદેશો પાઠવ્યો હતો.

દરમિયાન પર્યાવરણની જાળવણી અને ઈંધણ બચાવવા હેતુ આયોજીત સાયકલ રેલીમાં નાગરિકોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તથા સ્વચ્છતા જાળવવા અને પ્રદૂષણને નાથવા સંદેશો પાઠવ્યો હતો.

# મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો

ગાંધીનગર, તા. ૬

હિટવેવની કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં ન આવી હોવા છતાં તીવ્ર ગરમીનો અનુભવ હાલમાં કરી રહ્યા છે. આજે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી રહ્યું હતું. ગઈકાલની સરખામણીમાં આજે તાપમાન ઓછું રહ્યું હતું. આજે રાજયમાં જ્યાં સૌથી વધારે ગરમીનો પારો પહોંચી ગયો હતો તેમાં રાજકોટનો સમાવેશ થાય છે. રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૨.૭ ડિગ્રી નોંધાયું હતું. આવતીકાલે પણ ગરમીના પ્રમાણમાં વધારે ફરેફાર નહીં થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. અમદાવાદ માટેની સ્થાનિકઆગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ રહી શકે છે. પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૦.૫ અને લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી નોંધાયું હતું. અમરેલી, રાજકોટ, ઈડરમાં પારો ૪૨ ડિગ્રી નોંધાયો હતો.

# મનપાના આરોગ્ય તંત્ર દ્વારા અખાદ્ય પદાર્થોનો નાશ કરાયો

## સેક્ટર-૨૧માંથી ગેરકાયદેસર બેનર-હોર્ડીંગ્સ, દબાણો દુર કરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૫ અને ૬ મે ૨૦૧૫ના રોજ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ દુકાનો તથા ખાણીપીણીના બજારોમાંથી ખાદ્ય પદાર્થોના નમુના લેવાયા હતા. આ કાર્યવાહી અંતર્ગત બિન આરોગ્યપ્રદ જણાયેલ આહાર અને પીણાનો નાશ કરાયો હતો. તથા વહીવટી દંડ વસુલવા સહિતની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ દુકાનો, ખાણીપીણીના સ્થળો તથા લારી પર વેચાતા ખાદ્ય પદાર્થોની મહાનગરપાલિકાના ફુડ દ્વારા તા. ૫ અને ૬ મે ૨૦૧૫ના રોજ ચકાસણી હાથ ધરાઈ હતી. જેમાં મીલ્ક શેઈક તથા ખારી બિસ્કીટના નમુના લેવાયા હતા જયારે બિન આરોગ્યપ્રદ જણાયેલ શેરડીના રસનો તથા ચટણી, બરફ, પાઉં વગેરેનો નાશ કરાયો હતો. ઉપરાંત તંત્ર દ્વારા વહીવટી દંડ વસૂલવા સહિતની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

દરમ્યાન તારીખ ૪ અને ૫ મે ૨૦૧૫ના રોજ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સેક્ટર-૨૧ શોપિંગ સેન્ટર ખાતેથી ગેર કાયદેસર બેનર-હોર્ડીંગ્સ દુર કરાયા હતા. ઉપરાંત શાકમાર્કેટ ખાતે ગેર કાયદેસર દબાણ કરનાર એકમો સામે કાર્યવાહી હાથ ધરાઈ હતી જેમાં જુદા જુદા પાંચ એકમો પાસેથી રૂ. ૨૫૦૦ નો દંડ વસુલાયો હતો.

# ઉનાળો જામતા વીજ વપરાશમાં ૩૦ થી ૩૫ ટકાનો વધારો

## દિવસ-રાત ફુલ સ્પીડે પંખા અને એસી ચલાવવા પડે તેવી આકરી ગરમી : ભેજ વધતા ગરમી વધશે

ગાંધીનગર, તા. ૫

છેલ્લા કેટલાય દિવસોથી ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં હીટવેવની અસર જોવા મળી રહી છે. ઉનાળો તેની ચરમસીમાએ પહોંચતા વીજવપરાશમાં વધારો થયો છે. વીજ વપરાશ ૪૦ મેગાવોટથી વધીને ૫૫ થી ૬૦ મેગાવોટ સુધી પહોંચી ગયો છે.



છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં ખુબ આકરી ગરમી પડી રહી છે. આખો દિવસ આકાશમાંથી અંગારા વરસે છે. જેના કારણે સવારથી મોડી સાંજ સુધી લુ વરસે છે. મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની ઉપર જ રહે છે. ગરમી વધતા પંખા ચોવીસ કલાક ફુલસ્પીડે ફરે છે. કચેરીઓમાં પણ આખો દિવસ ફુલ સ્પીડે પંખા ફરે છે. આ ઉપરાંત એસી અને કુલર પણ ફુલ સ્પીડે ચલાવવા પડે છે. સ્વાભાવિક રીતે જ ઉનાળો જામતા વીજ વપરાશ ખુબ વધી ગયો છે. એસીનો વપરાશ વધતા લોડ ખુબ પડે છે. જેના કારણે આગના બનાવો વધ્યા છે. દરરોજ એકાદ-બે આગ લાગવાના કે શોર્ટસર્કિટના બનાવો નોંધાય છે.

સામાન્ય દિવસોમાં ગાંધીનગરનો વીજવપરાશ ૩૫ થી ૪૦ મેગાવોટ છે. જે વર્ષના લગભગ આઠ-નવ મહિના સુધી જળવાઈ રહે છે. પરંતુ જ્યારથી ઉનાળો આકરો બન્યો છે ત્યારથી વીજવપરાશ ૫૫ થી ૬૦ મેગાવોટ સુધી પહોંચ્યો છે. હજુ વાતાવરણ સુકુ છે. જેમ જેમ ચોમાસાની ઋતુ નજીક આવશે તેમ તેમ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે તેમ તેમ ગરમીની સાથે બફારાનું પ્રમાણ વધશે. આ સમયગાળા દરમ્યાન વીજ વપરાશ હજુ વધી શકે છે. વીજ માંગને પુરી પાડવા ટોરેન્ટ પાવર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## પ્રાર્થનાસભા



કુંજલત્તાબેન કુમુદકાન્ત શુક્લ ઉ.વ. ૮૪નું ભુજ-કચ્છ ખાતે દુઃખદ અવસાન થયું છે. તેમની પ્રાર્થનાસભા તા. ૭-૫-૨૦૧૫, ગુરૂવારના રોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ સુધી શ્રી હાટકેશ્વર મંદિર, ભુજ-કચ્છ ખાતે રાખેલ છે.

કુમુદકાન્ત પી. શુક્લ
(નિવૃત્ત નાયબ સચિવ)

| | |
|---|---|
| સ્વ. મૃદુલ કે. શુક્લ | ગં.સ્વ. ભારતી એમ. શુક્લ |
| અતુલ કે. શુક્લ (નિવૃત્ત, એસ.બી.આઈ.) | બકુલા એ. શુક્લ |
| મુકેશ કે. શુક્લ (સંયુક્ત સચિવ અને રા.ક.ના મંત્રીના અંગત સચિવ) | માધવી એમ. શુક્લ |
| રંજના-દિનેશ માંકડ | હર્ષા તારક વોરા |
| સ્નેહલ એમ. શુક્લ (ન્યાયાધીશ, વાંકાનેર) | ઉષ્મા એસ. શુક્લ |
| રૂચિર એમ. શુક્લ (ન્યાયાલય, ગાંધીનગર) | કુંતલ આર. શુક્લ |
| પરંતપ એમ. શુક્લ | હેરત એમ. શુક્લ |
| ઈશિતા ચિરાયુ શ્કલ | જીજ્ઞા સુગમ વોરા |
| ડો. પાર્થ ડી. માંકડ | ડો. ગ્રીવા પી. માંકડ |
| ઈરા સૌમિલ શુક્લ | વાણી તારક વોરા |

# બેકલોગની જગ્યાઓ ભરવા માટે મંત્રીમંડળની ઉચ્ચકક્ષાની બેઠક

## ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે તમામ સરકારી કચેરીઓમાં 'ઝીરો' બેકલોગ કરવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ

ગાંધીનગર, તા. ૬

રાજ્ય સરકારના તમામ વિભાગો અને તેની હેઠળના બોર્ડ નિગમો તેમજ કચેરીઓમાં અનામત જગ્યાઓ ભરવા અને બેકલોગની સમીક્ષા કરવા માટે મંત્રીમંડળની પેટા સમિતિની એક બેઠક આજરોજ રમણલાલ વોરા, મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અધ્યક્ષસ્થાને મળેલ હતી. જેમાં મંત્રીશ્રીઓ મંગુભાઈ પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રજનીભાઈ પટેલ, નાનુભાઈ વાનાણી, શંકરભાઈ ચૌધરી અને દિલીપકુમાર ઠાકોર ઉપરાંત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય સરકાર આ વર્ષે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવી રહેલ છે ત્યારે રાજ્ય સરકારનો અભિગમ છે કે 'ઝીરો બેકલોગ, ઓપન મેરીટ પ્રથાને પ્રાધાન્ય અને અનામત જગ્યાઓમાં ૧૦૦ ટકા ભરતી' આ અભિગમને ધ્યાનમાં લઈને ડિસેમ્બર-૨૦૧૫ સુધીમાં બેકલોગની તમામ જગ્યાઓ ભરાઈ જાય અને 'ઝીરો' બેકલોગ રહે તેવા ઉદ્દેશ સાથે મળેલ આ બેઠકમાં તમામ વિભાગો સાથે બેકલોગની ખાલી જગ્યાઓ અંગે

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪
મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા, તા. જિ. ગાંધીનગર
પ્રવેશ જાહેરાત ૨૦૧૫-૧૬ (ભાઈઓ / બહેનો માટે)
(૧) શારીરિક શિક્ષણ બી.પી.એડ્. : સ્નાતક પછી બે વર્ષ (ચાર સેમેસ્ટર)નો અભ્યાસક્રમ (૫૦ ટકા ગુણ જરૂરી). (૨) શારીરિક શિક્ષણ એમ.પી.એડ્. : બે વર્ષ (ચાર સેમેસ્ટર) (બી.પી.એડ્./ડી.પી.એડ્.માં ૫૦ ટકા). ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્યપછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું વર્ષ ૨૦૧૪ પછીનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) તેમજ જમ્મુ-કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે. પ્રવેશપત્ર કાર્યાલય સમય દરમિયાન રૂ. ૧૫૦/- રોકડા આપવાથી મેળવી શકાશે. પ્રવેશપત્ર ભરીને પરત કરવાની છેલ્લી તા. ૨૦-૬-૨૦૧૫ છે. સંપર્ક : ફોન (૦૭૯)-૨૩૨૭૪૪૧૯, ૨૩૨૭૪૦૯૯
તા. ૬/૫/૨૦૧૫ ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪
શિક્ષણ મહાવિદ્યાલય (IASE) (બી.એડ્. બે વર્ષ) /
હિન્દી શિક્ષક મહાવિદ્યાલય (હિન્દી બી.એડ્. બે વર્ષ)
વર્ષ ૨૦૧૫-૧૬ માટેનાં પ્રવેશ અરજીપત્ર તા. ૨૧-૪-૨૦૧૫ થી રૂબરૂ કાર્યાલય સમય દરમિયાન શિક્ષણ મહાવિદ્યાલયમાં રૂ. ૨૦૦/- રોકડા ચૂકવવાથી મળી શકશે અથવા અરજીપત્ર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી રૂ. ૨૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ (In favour of Registrar, Gujarat Vidyapithના નામે) ટપાલ દ્વારા મોકલી શકશે. અરજીપત્ર ભરીને પરત કરવાની છેલ્લી તા. ૨૫-૫-૨૦૧૫ છે. વધુ માહિતી વેબસાઈટ www.gujaratvidyapith.org પરથી મળશે. ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્યપછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું વર્ષ ૨૦૧૪ પછીનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) તેમજ શારીરિક રીતે વિકલાંગ (PH)ને ૩ ટકા અને જમ્મુ-કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે.
તારીખ : ૪/૫/૨૦૧૫ ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ




SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
Dr. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૨૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com